# <u>જાહેરનામુ</u>

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર હુકમ ક્રમાંક:ગ/ઉપક/૩૪૫/૨૦૧૨. તા.૧૯/૦૫/૨૦૧૨

વંચાણે લીધા:

(૧) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૨/૨૦03 તા.૧૮.૧૨.૨૦03

(૨) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૫/૨૦૦૪ તા.૨૫.૦૨.૨૦૦૪

(૩) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૩૯/૨૦૦૪ તા.૦૫.૦૩.૨૦૦૪

(૪) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૪૩/૨૦૦૪ તા.૨૧.૦૬.૨૦૦૪

(૫) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૪૬/૨૦૦૪ તા.૨૧.૦૬.૨૦૦૪

(૬) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૫૬/૨૦૦૪ તા.૨૧.૦૬.૨૦૦૪

(૭) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૧૫૭/૨૦૦૪ તા.૧૬.૧૧.૨૦૦૪

(૮) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૨૦૭/૨૦૦૪ તા.૧૯.૦૫.૨૦૦૪

(૯) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૬૭૦/૨૦૦૪ તા.૨૬.03.૨૦૦૮

(૧૦) જાહેરનામા ક્રમાંક ટ્રાફિક/૬૭૧/૨૦૦૮ તા.૨૬.03.૨૦૦૮

(૧૧) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૨૭૭/૨૦૦૮ તા.૨૦.૦૫.૨૦૦૮

(૧૨) જાહેરનામા ક્રમાંક ટ્રાફિક/૧૩૫૫/૨૦૦૮ તા.૨૫.૪.૨૦૦૮

(૧૩) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૨૩૮/૨૦૦૮ તા.૨૧.૧૧.૨૦૦૮

(૧૪) જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૨૫૫/૨૦૦૯ તા.૦૪.૦૩.૨૦૦૯

અમદાવાદ શહેરમાં વધતા જતા પ્રદુષણને અટકાવવા અને અકસ્માતને નિયંત્રીત કરવા સુપ્રિમકોર્ટને આપવામાં આવેલી બાહેંધરીના અનુસંધાને અમદાવાદ શહેરમાં ભારે અને મધ્યમ પ્રકારના વાહનો (પેસેન્જર વાહનો) ને સવાર કલાક ૯.૦૦ થી રાત કલાક ૨૧.૦૦ સુધી અંદર પ્રવેશ કરી શકે નહી તે અંગે તા.૦૪/૦૩/૦૯ ના જાહેરનામા ક્રમાંક ગ/ઉપક/૨૫૫/૨૦૦૯ થી પ્રવેશબંધ જાહેર કરવામાં આવેલ પરંતુ ત્યારબાદ શહેરમાં ટ્રાફિક ઘણાજ પ્રમાણમાં વધી ગયેલ છે. જેના કારણે અવારનવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. પ્રદુષણ વધેલ છે. અને સામાન્ય પ્રજાજનની હલાકી વધે છે. જેને નિવારવા માટે ભારવાહક વાહનો અને પેસેન્જર વાહનોની અવરજવરની નિયત્રિત કરવા જરૂરી બનેલ છે. આ સંજોગોમાં જાહેર જનતાના સામુહિક હિતમાં ટ્રાફિક સરળતાથી ચાલે તે માટે ટ્રાફિક નિયમન કરવુ જરૂરી બન્યુ છે.

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ નાં ૨૨ માં) કલમ ૩૩ બી આધારે મળેલ સતાની રુએ હું એસ.કે.સાઇકીયા પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર, અમદાવાદ શહેર વિસ્તારમાં ભારે વાહનો, પેસેન્જર વાહનોની પ્રવેશબંધી અને અવરજવર અંગે ટ્રાફિક સરળતાથી ચાલે તે માટે નીચે મુજબનો હુકમ કરું છું.

**હુ....કુ....મ...:**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનાં વિસ્તારના તમામ પ્રકારનાં ભારે અને મધ્યમ ભાર વાહક તથા પેસેન્જર વાહનો સવાર કલાક ૮.૦૦ થી રાત્રીનાં કલાક ૨૩.૦૦ સુધી અવરજવર કરી શકશે નહી. તદઉપરાંત સુભાષબ્રિજ સર્કલ, સાબરમતી આશ્રમ, ઇન્કમટેક્ષ સર્કલ, પાલડી, વાસણા સર્કલ સુધી ભારે અને મધ્યમ પ્રકારનાં માલ વાહક અને પેસેન્જર વાહનો સવારનાં કલાક ૭.૦૦ થી રાત્રીનાં કલાક ૨૩.૦૦ સુધી અવરજવર કરી શકશે નહી.

પરંતુ આ ભારે અને મધ્યમ માલવાહક વાહનો(લકઝરી બસો/પ્રાઇવેટ પેસેન્જર સહિત વાહનો) ને કલાક ૧૩.૦૦ થી કલાક ૧૬.૦૦ સુધીની નીચે મુજબની છુટ આપવામાં આવે છે. અને આ સમયે પેસેન્જર વાહનોને અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રવેશ કરવા માટે નીચે મુજબના રોડનો ઉપયોગ કરવાનો રહશે.

(૧) નારોલ સર્કલથી જુના ચંડોળા ઓકટ્રોય નાકા સુધી

(૨) ઇસ્કોન સર્કલથી શીવરંજની જમણા હાથે શ્યામલ ચાર રસ્તા, જીવરાજ ચાર રસ્તા, એ.પી.એમ.સી. માર્કેટ, વાસણા ટી રોડ, ત્યાંથી ડાબા હાથે વળી પાલડી બસ સ્ટેન્ડ પાછળ આવેલ એ.એમ.ટી.એસ.નો પ્લોટ.

(૩) ઇકોન સર્કલથી શીવરંજની ડાબા હાથે વળી અંધજન મંડળ, મેમનગર ચાર રસ્તાથી જમણા હાથે આવેલ એ.એમ.ટી.એસ.નો પ્લોટ તથા મેમનગર ચાર રસ્તાથી એ.ઇ.સી. સર્કલ, અપેક્ષા સર્કલ, પ્રગતિનગર, અખબારનગર સર્કલ સામે આવેલ એ.એમ.ટી.એસ.નો પ્લોટ અને ત્યાંથી ડાબા હાથે વળી વ્યાસવાડી પલક એપાર્ટમેન્ટ સામે આવેલ ગોકુલધામ પ્લોટ અને તેજ રસ્તે પરત.

(૪) નારોલ ચાર રસ્તાથી ચંડોળા તળાવ, જુના ટોલનાકા પ્લોટ અને તેજ રસ્તે પરત.

(૫) નરોડા પાટીયાથી મેમ્કો ચાર રસ્તા ત્યાંથી ડાબા હાથે વળી ચોકી પાસે આવેલ એ.એમ.ટી.એસ.નો પ્લોટ અને તેજ રસ્તે પરત.

(૬) ૧૩૨ ફુટ રીંગ રોડ થઇ આર.ટી.ઓ.ની કામગીરી માટે આર.ટી.ઓ.ની કચેરી જઇ શકાશે.

(૭) સાબરમતી અચેર ટોલનાકા, પાવરહાઉસ સર્કલ, ચીમનભાઇ બ્રીજ, પ્રબોધરાવળ સર્કલ, સુભાષબ્રીજ, અંડરબ્રીજ સરકલ પોલીસ કમિશ્નર કચેરીથી શાહીબાગ ક્રોસીંગ શાહીબાગ ચોકી સર્કલ, ગિરધનગર સર્કલ, ગિરધરનગર બ્રીજ, ઇદગા ચોકી ડાબા હાથે વળી અસારવાબ્રીજ અસારવા ચકલા, ચામુંડાબ્રીજ ત્યાંથી અમદુપુરા ચોકી થઇ કાલુપુરબ્રીજ મધ્ય ભાગે ડાબા હાથે વળી શહેરકોટડા પોલીસ સ્ટેશન સર્કલથી જમણા હાથે મીટરગેજ રેલ્વે સ્ટેશન જઇ શકાશે અને તેજ રસ્તે પરત.

(૮) નરોડા પાટીયાથી મેમ્કો ચાર રસ્તા થઇ અમદુપુરા ચોકી થઇ કાલુપુરબ્રીજ મધ્ય ભાગે ડાબા હાથે વળી શહેરકોટડા પોલીસ સ્ટેશનથી જમણા હાથે વળી મીટરગેજ રેલ્વે સ્ટેશન જઇ શકાશે અને તેજ રસ્તે પરત.

આ વાહનો ચાલકો/માલીક/સંચાલકોએ પોતાના વાહનો શહેરમાં પાર્ક કરવા પાર્કિંગ પ્લોટની વ્યવસ્થા કરવાની રહશે. પોતાના પાર્કિંગ પ્લોટની વ્યવસ્થા કર્યા અંગે ટ્રાફિક બ્રાન્ચ બાંહેધરી આપશે. અને તેના પુરાવા આપ્યા બાદ ટ્રાફિક બ્રાન્ચની મંજુરીથી નક્કી કરેલા પાર્કિંગ પ્લોટ સુધી શહેરમાં આવજા કરી શકશે. આ અંગેની પરવાનગી અલગથી મેળવવાની રહશે.

આ વાહન ચાલકો/માલીક/સંચાલકોએ આ પાર્કિંગ પ્લોટમાં જ વાહનો પાર્ક કરવાનાં રહેશે. અને ત્યાંથી જ મોટર વાહન ધારામાં દર્શાવેલ પેસેન્જર વાહનની પરમીટની શરતો મુજબનાં જ પેસેન્જર લેવા ઉતરવા માટે આ પાર્કિંગ પ્લોટનો ઉપયોગ કરવાનો રહેશે. આ સિવાય બીજા કોઇ સ્થળે પાર્ક કરી શકશે નહી તેમજ પાર્કિંગ માટે જાહેરમાર્ગ ઉપર અગર જાહેર જગ્યાઓમાં કોઇ જગ્યાએ વાહન ઊભા રાખી શકશે નહી.

આ જાહેરનામામાંથી નીચે મુજબનાં વાહનોને મુકતી આપવામાં આવે છે.

૧. તમામ કોલેજ અને સ્કુલ બસો.

૨. તમામ સ્ટાફ બસો.

૩. લગ્ન પ્રસંગ માટે ઉપયોગમાં લેવાતા વાહનો.

૪. એસ.ટી.કોર્પોરેશન, એ.એમ.ટી.એસ, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ તથા સરકારી વાહનો.

આ જાહેરનામાનાં આદેશનું ઉલ્લંઘન કરનાર ઇસમ મુંબઇ પોલીસ અધિનિયમ કલમ ૧૩૧(બી) (૪) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ અંગે જાહેર જનતા સંસ્થા વગેરેના વાંધા સુચનો અને રજુઆતો એક માસમાં રજુ કરી શકાશે. જેના પર પૂરતી વિચારણા કરવામાં આવશે.

આજરોજ તા.૧૯.૦૫.૨૦૧૨ એ મેં મારી સહી સિકકો કરી આપેલ છે.

19/5/12

(એસ.કે.સાઇકીયા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

City Commissioner of Police * Ahmedabad *

તા.૧૯.૦૫.૨૦૧૨
અમદાવાદ શહેર

**નકલ સ.રવાના:-**

૧. મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
   ૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
૨. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૩. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.પોલીસ ભવન, ગાંધીનગર.
૪. કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, અમદાવાદ.
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ. ( ૫ નકલ)
   રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ (૫ નકલ)
   રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ અમદાવાદ. (૫ નકલ)
   ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ (૨૫ નકલ)
૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
૭. માહિતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
   ૨/- જાણ સારૂ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના:**

૧. અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર.૧ અને ૨, મુખ્ય મથક, વિ. શાખા, વહિવટ, અમદાવાદ શહેર.
૨. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
૩. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
૪. જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રૂમ, અમદાવાદ શહેર.
   ૨/- જાણ સારૂં દૈનિક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
૫. તમામ પો.ઇન્સ.શ્રી.......................................................અમદાવાદ શહેર.
   ૨/- જાણ સારૂં તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ
૬. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક બ્રાન્ચ અમદાવાદ શહેર (૮ નકલ)
   ૨/- ટ્રાફિક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂં.